	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૧૯/૦૪/૨૦૨૨ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૬૯૦/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૭	૦	૧૩૭	૪૧૬	૦	૪૧૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૯૦	૦	૧૦૦૬૯૦	૧૦૯૫૯૪	૦	૧૦૯૫૯૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૦	૪,૦૯,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૦	૦૦/-


મેગા વ્હીકલ ચેકીંગ ડ્રાઇવ

શાહપુર પોલીસ સ્ટેશન

માનનીય પોલીસ કમિશ્નર સા. શ્રી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ અમદાવાદ શહેર નાઓ તરફથી ઝોન-૨ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી સારી રીતે જળવાય અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી જયદીપસિંહ જાડેજા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ ઝોન-૨ વિસ્તારના તમામ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, પો.ઇન્સ., પો.સ.ઇ. સહિત મહતમ સ્ટાફનો ઉપયોગ કરી તા.૧૮/૦૪/૨૦૨૨ના સાંજના ક.૦૫/૦૦ થી ૦૭/૩૦ દરમ્યાન ઝોન-૨ ના તમામ પોલીસ સ્ટેશનોના અલગ-અલગ ૩૦ પોઇન્ટ ઉપર મેગા વ્હીકલ ચેકીંગ ડ્રાઇવ હાથ ધરવામાં આવેલ જે દરમ્યાન કુલ ૧૧૮૯ જેટલી ઓટો રીક્ષાઓ ચેક કરવામાં આવેલ, રૂ.૧૧,૨૦૦/- જેટલો સ્થળ દંડ કરવામાં આવેલ અને લાકડી-દંડા જેવા ૧૬ જેટલા મારક હથીયારો કબજે લઇ જી.પી.એકટ ૧૩૫ મુજબ પોલીસ કમિશ્નર શ્રી ના હથિયારબંધી જાહેરનામા ભંગના ૧૬ કેસો કરવામાં આવેલા


2022/4/18 18:59
















KRISHNA MOTORS
AMARON
EXIDE
GJ.01.D.4530


PORTER
GOOD FOR GOODS











નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૯૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૩૨ લીટર દેશી દારૂ અને ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૮૮,૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૯૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૬૯૩/૨૦૨૨**

ચાંદખેડાઃ હિતેનભાઈ સ/ઓ અમૃતલાલ સોલંકી (રહે. વ્રજ ટેનામેન્ટ આઇ.ટી.આઇ. સામે આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ તા.૧૮/૦૪/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૪/૨૦૨૨ સાંજના ૫/૩૦ થી તા.૧૭/૦૪/૨૦૨૨ સાંજના ૫૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીનો સળીયો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, ઘડીયાળ નંગ-૧ અને રોકડ રૂપિયા ૭૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૬૯૪/૨૦૨૨**

ચાંદખેડાઃ ચાંદખેડા મણીલાલ પાર્ટી પ્લોટ સેન્ટ્રલ બાથ સંપત નામની નવી બનતી સાઇટ ખાતે કામ કરતા અને ત્યા જ રહેતા શાંતિલાલ નાનજીભાઇ અહારી (ઉ.વ.૩૨) (મુળ વતન. ગામ-વોર્ડ નંબર-૧ સાસરપુર રંગપુરકલા મુકામ.સાસરપુર તા.જોયરી જી.ડુંગરપુર રાજસ્થાન) તા.૦૧/૦૪/૨૦૨૨ રાતના ૧૨/૦૦ વાગ્યા પહેલા સાઇટના એ બ્લોકના ચોથા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૦૪/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતીભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૯૫/૨૦૨૨**

વેજલપુરઃ મહેન્દ્રકુમાર સ/ઓ મોહનલાલ ગોહેલ (ઉ.વ.૫૧) (રહે. વણકરવાસ ભાથીજી મંદીર પાસે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૪/૨૦૨૨ કલાક ૯/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વણજારા ચલાવે છે.

રિવરફ્રંટ વેસ્ટઃ (૧) તુષાર સુર્યકાંત સોલંકી (ઉ.વ.૨૬) (રહે.બ્લોક નંબર-બી/૪૦૩, વિકટોરીયા પોઈન્ટ કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૪/૨૦૨૨ રાતના ૧૦/૧૫ વાગ્યા પહેલા ગાંધીબ્રીજ નીચે વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

રિવરફ્રંટ વેસ્ટઃ (૨) વિજયભાઈ શામજીભાઈ જીનગર (ઉ.વ.૫૫) (રહે. સ્વામિનારાયણપાર્ક વિભાગ-૧ મંગલદીપ સ્કુલ સામે નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૪/૨૦૨૨ કલાક ૮/૧૫ વાગ્યા પહેલા ચન્દ્રનગરબ્રિજ પાસે રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગદિશચંદ્ર આત્મરામ ચલાવે છે.

રાણીપઃ ફાલ્ગુનીબહેન ડો/ઓ ગીરીશભાઇ ઠાકોર (ઉ.વ.૧૭) (રહે. ભરવાડવાસ ભાવના સોસાયટી પાસે બલોલનગર નવા બ્રીજ પાસે રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૪/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૪/૨૦૨૨ સાંજના ૭/૨૫ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રકુમાર રાજકુમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.